
### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : રાષ્ટ્રીય સંત સંમેલન

# પ્રમુખસ્વામી મહારાજે સાધુતાયુક્ત જીવનથી લોકોને પ્રેરણા આપી

**૨૫૦ કરતાં વધુ સંતો, મહંતો અને ધાર્મિક આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયું વિરાટ સંત સંમેલન : ભારતની મહાન સંત પરંપરાને અને પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરી શ્રદ્ધાંજલિ : પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ૨૦૨૨માં ભારતભરમાં યોજાયા હતાં**





૨૦૨૨માં વિદેશોમાં પણ ૧૦ જેટલી 'યુનિટી ફોરમ' દ્વારા ૩૩૫ કરતાં વધુ મંદિરો અને ધાર્મિક સંસ્થાઓના ૧૦૦૦ કરતાં વધુ પ્રતિનિધિઓ સાથે BAPS ના સંતો દ્વારા સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું સંધ્યા સભામાં BAPSના સંતવૃંદ દ્વારા ભક્તિ સંગીત - કીર્તન આરાધનાના વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી, BAPSના વરિષ્ઠ સંતો દ્વારા મનનીય વક્તવ્યો થયાં

ભારતના નૈતિક ઘડતરમાં સંત પરંપરાનું યોગદાન અનેરું છે. ભગવાન સ્વામિનારાયણે પણ એક વિશિષ્ટ સંત પરંપરાની ભેટ આપીને આ પરંપરાને ગૌરવાન્વિત કરી હતી. તેમણે ૩૦૦૦ થી વધુ પરમહંસો દ્વારા પવિત્ર નૈતિક, આધ્યાત્મિક જીવન જીવવા લાખો લોકોને પ્રેરિત કરીને શાંત ક્રાંતિ કરી હતી. તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુ પરંપરાના પાંચમા ગુરુદેવ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વિશ્વમાં સનાતન હિંદુ ધર્મની મહાન સંત પરંપરાનું ગૌરવ વધાર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના આ અપ્રતિમ યોગદાનને અંજલિ અર્પવા પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આજે રાષ્ટ્રીય સંત સંમેલનનું આયોજન થયું હતું. જેમાં ૨૫૦ કરતાં વધુ સંતો, મહંતો અને વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯ વાગ્યે નગરના મુખ્ય દ્વાર પાસે સર્વે અતિથિ સંતોનું વૈદિક મંત્રોચ્ચાર અને શાંતિ પાઠ સાથે પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર પછી સર્વે સંતો શોભાયાત્રાના સ્વરૂપમાં પ્રમુખસ્વામી મહારાજની વિશાલ પ્રતિમા પાસે પહોંચ્યા. ત્યાં વેદોક્ત પૂજન સાથે સૌ સંતોએ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. પૂજન અને પ્રદક્ષિણા બાદ સર્વે સંતોએ સમ્મેલનના સભાગૃહમાં સ્થાન ગ્રહણ કર્યું.

સંધ્યા સભામાં BAPSના સંગીતવૃંદ દ્વારા ભક્તિ સંગીતના વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. BAPSના આદર્શજીવન સ્વામીએ 'પ્રમુખ ચરિતમ' પ્રવચનમાળા હેઠળ પ્રમુખસ્વામી મહારાજના સંતત્વના વિરલ ગુણો વિષે વક્તવ્ય આપ્યું હતું. BAPSના વરિષ્ઠ સંતો - પૂ. ઘનશ્યામચરણ સ્વામી, પૂ. ત્યાગવલ્લભ સ્વામી, પૂ. ભક્તિપ્રિય (કોઠારી) સ્વામી, પૂ. ડૉક્ટર સ્વામી દ્વારા સાધુતાના શિખર એવા પ્રમુખસ્વામી મહારાજ વિષે મનનીય પ્રવચનો કરવામાં આવ્યા હતાં.

BAPSના વરિષ્ઠ સંત વિવેકસાગર સ્વામીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું, "પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં પધારેલા તમામ સાધુ સંતોનાં ચરણોમાં વંદન અને આજે આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં કુંભ મેળો યોજાયો છે તેવી અનુભૂતિ થાય છે.

ભલે આપણે આજે અલગ અલગ સંપ્રદાયોના સંતો ભેગા થયા છીએ પણ આપણો ધર્મ એક જ છે તે આપણી સાધુતા. ૧૯૮૧માં પણ દેશભરના ૩૦૦૦ સાધુ સંતો સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલા.

પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે તમામ ધર્મોના સાધુ સંતોને વિશેષ ભાવ છે. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં જઈને હિન્દુ સંસ્કૃતિનો પરિચય કરાવ્યો અને પ્રમુખસ્વામી મહારાજે ૧૧૦૦ થી પણ વધારે વધારે મંદિરોનું નિર્માણ કરીને હિન્દુ સંસ્કૃતિનો વિશ્વભરમાં પ્રચાર કર્યો છે."

ભારતીય આચાર્ય સભાના પ્રમુખ, પૂજ્યપાદ પરમાત્માનંદજી મહારાજે જણાવ્યું, "સૌ પ્રથમ વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજને પ્રણામ. આ પ્રમુખસ્વામી મહારાજ નગર અને ગુજરાતની ધરતી ખૂબ જ પવિત્ર છે કારણ કે આજે આ ભૂમિ સાધુ સંતોનાં ચરણકમળથી પાવન થઈ છે. કોઈ પણ સંસ્થાના પ્રાણ એ તેના સાધુ અને તેમની સાધુતા છે અને એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજે ચારિત્ર્યયુક્ત સાધુ સમાજનું નિર્માણ કર્યું છે. ગુલામીના સમયમાં અનેક મંદિરોનો વિનાશ કરવામાં આવ્યા છે તો પણ હિન્દુ ધર્મનું રક્ષણ થયું છે કારણ કે તેનું રક્ષણ ખુદ ભગવાન અને અહીં પધારેલા સાધુ સંતો કરી રહ્યા છે."

અખાડા પરિષદ અધ્યક્ષના પૂજ્ય રવીન્દ્રપૂરી મહારાજે જણાવ્યું, "સૌ પ્રથમ હું દિવ્ય મહાન વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજને વંદન કરું છું કારણકે તેમના જન્મશતાબ્દી મહોત્સવમાં આપણે સૌ અહીં મળ્યા છીએ. પ્રમુખસ્વામી મહારાજે જીવનમાં ગુજરાતથી લઈને વિશ્વનાં દરેક ખૂણે હિન્દુ સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે અને જે લોકો હિન્દુ ધર્મને માનતા નથી તેવા દેશમાં પણ સ્વામિનારાયણ હિન્દુ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. દેશમાં ક્યાંય પણ ભગવા કપડાંને જોઈને સૌ વંદન કરે છે તે માટે આપણે સૌ પ્રમુખસ્વામી મહારાજના આભારી છીએ કારણ કે તેમણે સાધુ સમાજનું ગૌરવ વધાર્યું છે."

# ઉત્તરના પવનો ગુજરાત તરફ ફંટાતા ઠંડી વધશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઉત્તરના પવનોને કારણે હજુ પણ ઠંડીનો પારો ગગડશે તેવું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જ્યારે ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે એક આગાહી કરી છે કે ૨૫ ડિસેમ્બર બાદ ઠંડીનું જોર વધશે. ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાના પગલે ઠંડી વધી છે. ગુજરાતમાં છેલ્લાં ૨૪ કલાકમાં રાજ્યના ૧૪ શહેરોમાં પારો ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયો છે. અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે, ૨૫ ડિસેમ્બર બાદ ઠંડીનું જોર વધશે.

ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાના પગલે ઠંડી વધી છે. ગુજરાતમાં ૦૯ શહેરોમાં ૧૧ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું છે. ઉત્તરના પવનોને કારણે રાજ્યમાં હજુ પણ ઠંડીનો પારો ગગડશે. ડિસેમ્બરના અંતમાં ઠંડીના જબરદસ્ત ચમકારાનો અહેસાસ થવા લાગ્યો છે.

રાજ્યમાં ઠંડીનો ચમકારો વધતા લોકો તાપણું કરી લઈ રહ્યા છે, સાથે જ લોકો શિયાળાની શીત લહેરની મજા પણ માણી રહ્યા છે. ઉત્તરના ઠંડા પવનો ગુજરાત બાજુ ફંટાતા ઠંડી વધી રહી છે. રાજ્યમાં ૧૫ કિમીની ઝડપે ઠંડા પવનો ફુંકાતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં હજુ પણ તાપમાનનો પારો ગગડશે. ઉત્તરના પવનોને કારણે હજુ પણ ઠંડીનો ચમકારો વધશે. આગામી સપ્તાહે હજુ બે-ત્રણ ડિગ્રી સુધી ઠંડીનો પારો ગગડશે. હવામાન વિભાગે આગામી ૨ દિવસ નલિયા અને કચ્છમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે.

૧૪ શહેરોમાં તાપમાનનો પારો ૧૫ ડિગ્રીની નીચે પહોંચી ગયો છે, જ્યારે નલિયા, ડીસા ૮ ડિગ્રી સાથે સૌથી ઠંડા શહેરો બન્યા છે. ભુજમાં ૧૨, નલિયામાં ૮, કંડલામાં ૮, ભાવનગરમાં ૧૩, પોરબંદરમાં ૧૨, રાજકોટમાં ૧૦, વેરાવળમાં ૧૪, દીવમાં ૧૧, સુરેન્દ્રનગરમાં ૧૧, મહુવામાં ૧૦, ડીસામાં ૧૦, ગાંધીનગરમાં ૯, વડોદરામાં ૧૧, સુરતમાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. ગુજરાતમાં ઠંડા પવનોને કારણે શીતલહેર નું મોજું ફરી વળ્યું છે. સુરત સહિત સમગ્ર ગુજરાતમાં ઠંડીએ તેનો અસલ મિજાજ બતાવવાનો શરૂ કરી દીધો છે. જેથી શહેરીજનો દિવસભર ઠૂંઠવાયા હતા. ઉત્તર પર્વતીય દેશોમાં હિમવર્ષાની શકયતાને પગલે આગામી દિવસોમાં રાજ્યમાં હાડ થીજવતી ઠંડીની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે અને ડિસેમ્બરના અંતમાં વધુ ઠંડી પડવાની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. શનિવારે સવારે ઠંડીએ અસલી મિજાજ બતાવ્યો હતો. ઠંડા પવનોને પગલે ગુજરાતીઓ બરાબર ઠૂંઠવાયા છે.

# ૨૩૦ કરોડના ખર્ચે બનેલા ૩.૫ કિલોમીટર લાંબા બ્રિજનું લોકાર્પણ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌથી લાંબા બ્રિજની આપી ભેટ : આ બ્રિજ અટલ બ્રિજ તરીકે ઓળખવામાં આવશે

વડોદરા, તા.૨૫

આજે ગુજરાતના મુખઅયમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાને સૌથી લાંબા બ્રિજની ભેટ આપી છે. ૨૩૦ કરોડના ખર્ચે બનેલા ૩.૫ કિલોમીટર લાંબા બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. લોકાર્પણ કરવામાં આવેલો બ્રિજ રાજ્યનો સૌથી લાંબો બ્રિજ છે. સૌથી લાંબા એલિવેટેડ ફલાયઓવરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું છે. વડોદરાને મનિષા ચોકડીથી ગેંડા સર્કલને જોડતા પુલની ભેટ મળી છે. આ બ્રિજ ૨૩૦ કરોડના ખર્ચે બન્યો છે. આ બ્રિજ ૩.૫ કિલોમીટર લાંબો છે. આ બ્રિજ અટલ બ્રિજ તરીકે ઓળખવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જે બ્રિજનું ઉદ્ઘાટન કર્યું છે, તે બ્રિજ એવો છે કે જ્યા સર્કલના વળાંકમાં ઊતરવા માટે અને ત્યાંથી ચડવા માટે બંને બાજુ એન્ટ્રી અને એક્ઝિટની વ્યવસ્થાઓ છે. ગેંડા સર્કલથી શરૂ થતાં આ બ્રિજમાં વડીવાડી, રેસકોર્સ, અલકાપુરી, ચકલી સર્કલ, શિવમહલ, રોકસ્ટાર, દિવાળીપુરા તરફ ઉતાર અને ચઢાવ માટે ૫૦ મીટર પહેલા સ્ટોપ આપવામાં આવ્યો છે.

આ ૩.૫ કિલોમીટર લાંબા ફલાયઓવરથી એરપોર્ટ જવા માટે લોકોને મુજ મહુડા જવાની જરૂર નહીં પડે અને એરપોર્ટ પર જનારા મુસાફરો અટલા દરાથી સીધા ઓપી રોડ થઈ ગેંડા સર્કલ થઈને જઈ શકશે.

### રખડતાં ઢોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરવાસીઓ પરેશાન છે. સેકટરોના કોમન પ્લોટસમાં ગમે ત્યાં રખડતા ઢોર બેસી રહે છે. જેના લીધે ગંદકી થાય છે. આ ઉપરાંત માર્ગ વચાળે પણ ગમે ત્યારે દોડી જતા મહીલાઓ અને બાળકોમાં પણ સતત ભય રહે છે. સેકટરોના આંતરિક વિસ્તારમા નીલગાય પણ દોડતી જોવા મળે છે. આવા સંજોગોમાં ગમે ત્યારે માર્ગ અક્સ્માત થાય તેવી દહેશત છે. સે-૩ માં હાલની સ્થિતિએ નજર નાંખો ત્યાં રસ્તાઓ પર ખોદકામ કરવામાં આવ્યુ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પણ ચાલી રહ્યુ છે. જેના લીધે સેકટરોની ગલીયોમાં ઠેર ઠેર માર્ગો ખોદાયેલી હાલતમાં જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં ટ્રાફિકની અવરજવર પણ પ્રભાવિત છે. વાહનો સેકટરોના આંતરિક માર્ગોની સોસાયટીમાં ફરી ફરીને અવરજવર કરી રહ્યા છે. બીજીતરફ સેકટરોમાં માર્ગો આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં પણ ઠેર ઠેર દબાણો વધ્યા છે. વધતા ઝુંપડાવાસીઓની વચ્ચે ગંદકી અને રખડતા ઢોરની સમસ્યા વધુ પેચીદી બની છે. રખડતા ઢોરના ત્રાસથી અગાઉ પણ સેકટરોમાં તોફાને ચઢેલા આખલાના લીધે રહીશોને લોહીયાળ ઈજા થઈ હોવાના કિસ્સા ધ્યાને આવ્યા હતા જયારે છેલ્લા ઘણાં સમયથી ઢોર પકડવાની ઝુંબેશ જ આટોપી લેવામાં આવી છે. જેના લીધે સેકટરોમાં રખડતા ઢોરની સંખ્યા પણ વધી છે. એકબાજુ સેકટરોના કોમન પ્લોટમાં ફેન્સીંગ કરવામાં આવી રહી છે. જયારે આવા કિસ્સામાં ફેન્સીંગ ન હોય તેવા ઠેકાણે ઢોર અડ્ડો જમાવે છે. સેકટરમાંથી રખડતા ઢોરની સમસ્યાનો ત્વરિત અંત આવે તે માટે કોર્પોરેશન કક્ષાએથી પગલા લેવા પ્રબળ માંગ પણ સ્થાનિકોએ ઉઠાવી છે.

### આવરી લેવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત એચિવમેન્ટ સર્વેનો આ ચોથો તબક્કો હતો. રાજયમાં શિક્ષણ સુધારણા અભિયાનને રાજય સરકારે અગ્રતા આપેલી છે. ગુણોત્સવ પછી આ એચિવમેન્ટ સર્વે પણ અમલી બનાવ્યો છે. ગુણોત્સવમાં શાળાનું ગ્રેડીંગ થાય છે તો આ એચિવમેન્ટ સર્વેમાં કયા તાલુકામાં કયા વિષયના શિક્ષણમાં બાળકો નબળા પડી રહયા છે તેમને કયા કયા કેવી મુશ્કેલી પડે છે તે બધુ જ જાણી શકાય છે. ગુણોત્સવમાં લેખન-ગણન અને પઠનથી મુલ્યાંકન થાયછે જયારે આમાં નેશનલ એચિવમેન્ટ સર્વેના આધારે બાળકોમાં ઈન્ટેલીજીન્સમાં કેટલી વૃધ્ધિ થઈ છે તે જાણી શકાય છે.

ગુજરાત એચિવમેન્ટ સર્વે એ શિક્ષણનો ગુણોત્સવ જેવો જ મહત્વાકાંક્ષી પ્રોજેકટ હોવાનો દાવો શિક્ષણ વિભાગના સુત્રો કરી રહયા છે. આ સુત્રોના જણાવ્યા પ્રમાણે સર્વે બાદ બે માસ જેટલા ગાળામાં સર્વેનું તમામ ડેટા એનાલીસીસની કામગીરી સંપન્ન થયા બાદ ઉપચારાત્મક વર્ગો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે અને આ ઉપચારાત્મક વર્ગો શાળા સમય પહેલા કે પછી યોજી અને બાળકોને વિશેષ તૈયાર કરવામાં આવશે.

### વાવેતર વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં મુંગા પશુધન માટે ૨૧,૬૩૦ હેકટરમાં ઘાસચારાનું વાવેતર થયું છે. જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી જે રીતે ઠંડીનો માહોલ જામ્યો છે તે જોતાં ઘઉં અને શાકભાજીના પાકોના વાવેરત વિસ્તારમાં વૃધ્ધિ થવાની સંભાવના છે. જિલ્લામાં આ વર્ષે ઠંડીના દિવસો વધશે તેમ ખેડૂતો માની રહયા છે. જો કે રવિ સીઝનની વાવણી હાલ તેના અંતિમ તબક્કામાં છે. ગત વર્ષે ૧ લી જાન્યુઆરી સુધીમાં ૯૨,૫૯૮ હેકટરમાં વાવેતર થયું હતું.

જિલ્લામાં હજુ ઘઉંના પાકમાં, તમાકુના થોડા ઘણા વિસ્તારોમાં તેમજ શાકભાજીના વાવેતર થવાની સંભાવના રહેલી છે. જિલ્લામાં ઠંડી મોડી શરૂ થઈ છે અને વરસાદની ગાંધીનગર માણસામાં જે ઘટ રહી તેની અસરો પણ વાવેતર પર પડવા પામી હોવાની તેમજ શ્રમિકોની સમસ્યા નડી રહી હોવાની વાતો ખેડૂતોમાંથી સાંભળવા મળી છે.

### ઠુંઠવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ આજે સવારથી જ સુસવાટા મારતો ઠંડો પવન ફુંકાતા નગરજનો કાતિલ કોલ્ડવેવથી પ્રભાવિત થયા હતા. જેના લીધે સવારે મોર્નિંગ વોક કરવા જવાનુ પણ સેકટરવાસીઓએ ટાળ્યુ હતુ. સવારથી જ નગરજનો ગરમ કપડામાં સજ્જ જોવા મળ્યા હતા. શહેરમાં અત્યાર સુધી ઠંડી અદ્રશ્ય હતી જયારે છેલ્લા બે દિવસથી નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. જેની અસર નગરના જનજીવન પર સ્પષ્ટ વર્તાઈ રહી છે. ઠંડીના દિવસોમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરમ કપડાનુ વિતરણ પણ કરવામાં આવી રહ્યુ છે. આકરી ઠંડીના દિવસોમાં અબોલ પશુ પક્ષીઓની હાલત પણ દયાજનક બની છે. જયારે જન આરોગ્ય પણ વિશેષ પ્રભાવિત છે. વયોવૃધ્ધ વ્યકિતઓ અને બાળકોમાં પણ મોસમની વિપરિત અસર જોવા મળી છે.

### તેજ બની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિનાથી જ શહેરના સેકટર-૬ વિસ્તારમાં તિબેટીયન બજાર લાગી ગયું હતું. પરંતુ અત્યાર સુધી તેમાં કાગડા જ ઉડતા હતા. ડિસેમ્બરના પંદર-વીસ દિવસ સુધી તો ગરમી અનુભવાતા તિબેટીયન માર્કેટમાં જરાય ઘરાકી જોવા મળી ન હતી. છેલ્લા બે દિવસથી ઠંડી વધતાં અહીં ઘરાકીમાં વધારો થયો છે. ગરમ વસ્ત્રો ઉપરાંત બ્લેન્કેટ અને રજાઈની ખરીદી પણ વધી છે.

### પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

તેમને લાગ્યું કે અમારાં પુસ્તકો અહીં સચવાશે અને યુવાનો તેનો મહત્તમ લાભ લઈ શકશે. એક સુંદર- ગરિમાપૂર્ણ કાર્યક્રમ કરીને પુસ્તકો યુનિવર્સિટીના પુસ્તકાલયને અર્પણ કરાયાં.

જ્યારે જ્યોતિબહેનના ઘરેથી આ પુસ્તકો ટ્રકમાં ભરાઈને જતાં હતાં ત્યારે તેમના ઘરનું વાતાવરણ ઘણું ભારે થઈ ગયું હતું. જ્યોતિબહેનને લાગતું હતું કે જાણે કે કન્યા વિદાયનો પ્રસંગ છે. કન્યાને જે ભાવ સાથે, શોક સાથે વિદાય અપાય તે રીતે જ્યોતિબહેને પોતાના પતિનાં વહાલસોયાં પુસ્તકોને (યોગ્ય સ્થળ જવા) વિદાય આપી હતી.

આ આખા પ્રસંગનું વર્ણન કરતી વખતે જ્યોતિબહેનની આંખો એ હદે ભીની થઈ જાય છે કે તેનો ભેજ, તમારી આંખો સુધી પણ પહોંચે છે.

તમે કન્યા વિદાયની વિહ્વળતા વાંચી-જોઈ અને અનુભવી હશે, આ વાત છે કન્યા દાયની જેમ વિદાય પામેલાં પુસ્તકોની.

એ પુસ્તકો પણ કેટલાં નસીબદાર ?

પુસ્તકો ભેટ આપવાના તેમના ઉમદા કર્મ-ભાવ માટે આપ જ્યોતિબહેનનો સંપર્ક ૯૧ ૯૯૨૫૦ ૨૩૧૭૧ નંબર પર કરી શકો.

### ચિંતા વધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલમાં દોડતા જોવા મળ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગના સચિવ રાજેશ ભૂષણે શનિવારે કોરોના વાયરસને લઈને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં લખ્યું હતું કે, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ કોરોના સામે લડવા માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું જોઈએ. તેને લગતી તમામ તૈયારીઓને ચકાસવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે કે, ૨૭ ડિસેમ્બરે સમગ્ર દેશમાં મોક ડ્રિલ થશે. આ મોક ડ્રિલથી એ પણ જાણવા મળશે કે, ઈમરજન્સીની સ્થિતિમાં કોરોના વાયરસનો સામનો કરવા માટે ઈંઝઇ અને રેપિડ એન્ટિજન કિટની સ્થિતિ શું છે.

### કામ કરવા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે સ્પષ્ટ અને ઊંડાણપૂર્વક ચર્ચા થઈ છે, પશ્ચિમી સેક્ટરમાં એલએસી પર શક્ય તેટલી વહેલી તકે શાંતિ અને સુલેહ-શાંતિ સ્થાપિત કરવામાં મદદ મળશે. દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો થશે.પ્રગતિ થશે.બંને પક્ષો નજીકના સંપર્કમાં રહેવા ઉપરાંત સૈન્ય અને રાજદ્વારી સંવાદ જાળવવા ઉપરાંત બાકી રહેલા મુદ્દાઓના વહેલામાં વહેલી તકે પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પર કામ કરવા સંમત થયા છે.